ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૪-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

રાહુલ માટે કપરાં ચઢાણ

સિકંદરની જેમ વિશ્વવિજય કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વદેશ પાછા ફર્યા છે તો સામે પક્ષે બે માસ જેટલો વખત અજ્ઞાત વાસમાં રહી કોંગ્રેસની એક માત્ર આશા સમા 'યુવરાજ' થાઇ એરલાઇન મારફત દેશની રાજધાનીમાં પધારી ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટી પાસે વડાપ્રધાન બની શકે એવા અડધો ડઝન નેતાઓ હતા : અડવાણી, સુષ્મા સ્વરાજ, રાજનાથસિંહ, અરુણ જેટલી, યશવંત સિન્હા અને નરેન્દ્ર મોદી. ઉમેરવું હોય તો શિવરાજસિંહ ચૌહાણ જેવા સફળ મુખ્યમંત્રીનું નામ પણ ઉમેરી શકાય. એ તમામને હાંસિયે ધકેલીને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજયની હેટ્રિક લગાવનારા નરેન્દ્ર મોદીએ દિલ્હીનું મયૂરાસન કબજે કરી દીધું - એટલું જ નહિ, એમણે 'નંબર-ટુ' ની જગ્યા પણ ગુજરાતી નેતા અમિત શાહ માટે રિઝર્વ્ડ કરી દીધી. સત્તાનું બીજું કેન્દ્ર સંગઠન હોય છે. આજે સત્તા અને સંગઠન - બેઉ ગુજરાતીઓનાં હસ્તક છે. મોદીનો જાદુ હિન્દુસ્તાનની સરહદો ઓળંગી યુરોપ-અમેરિકા અને ઓસ્ટ્રેલિયા પર્યંત પથરાયો છે. જયાં પગ મૂક્યો ત્યાં સફળતા જ સાંપડતી રહી છે. ઓબામા જેવા વિશ્વનાયકને 'ટાઇમ' જેવા પ્રતિષ્ઠિત સામયિકમાં મોદીની પ્રશસ્તિ લખવી પડી, તે જ શું સૂચક નથી? સામે પક્ષે કોંગ્રેસને એની ઐતિહાસિક પનોતીના કપરા કાળમાં કોઇ તિલસ્મી તારણહાર ખપે છે, પરંતુ ઇન્દિરા ગાંધીના શાસનકાળથી આરંભાયેલ વંશાનુગત શાસનપ્રણાલી જોતાં રાહુલ ગાંધી કે પ્રિયંગા ગાંધીથી ઉફરું જોવાની એમનામાં ક્ષમતા જ નથી રહી. ભાજપની જેમ એ આમ જનતામાંથી નેતૃત્વ ઊભું કરવાનું તો સ્વપ્ને પણ વિચાર શકે એમ નથી. એથી અત્યાર લગી પક્ષનું સુકાન સંભળાવા બાબતે અવઢવ અનુભવતા રાહુલ ગાંધીએ પાર્ટીને નવું જોમ પૂરું પાડ્યું હતું પરંતુ એ સમય જુદો હતો. જો કે શીલા દિક્ષીત અને કેપ્ટન અમરિંદર જેવા સિનિયર નેતાઓને રાહુલ પ્રત્યે સૂગ છે, એ પણ છાનું નથી રહ્યું. એટલે તેઓ હમણાં સોનિયા ગાંધી જ પાર્ટીનું સુકાન સંભાળે, એવી લાગણી વ્યક્ત કરી રાહુલની યંગિસ્તાન - ઘેલછાથી બચવા મથે છે. કોંગ્રેસને નહેરુ-ગાંધી પરિવારની બહાર પણ કોઇ નેતૃત્વ સંભાળી શકે, એ થિયરી કે વિકલ્પ તો સૂઝતો જ નથી. હકીકતમાં એવો મોટા ગજાનો કોઇ નેતા કોંગ્રેસ પાસે છે પણ નહિ, રાહુલ નહીં તો પ્રિયંકા, સોનિયા રાહુલ તરફી હોઇ પ્રિયંકા ફક્ત સહાયક ભૂમિકા જ ભજવી શકશે. રોબર્ટ વાડરા સામેના કથિત કૌભાંડની તપાસ ચાલી રહી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રિયંકાને આગળ કરવા જતાં ફાયદાને બદલે નુકશાન જ થાય. રાહુલ ગાંધી સ્વચ્છ ઇમેજ ધરાવતા, કંઇ કરી છૂટવાની તમન્નાવાળા યુવા નેતા છે. તેઓ પોતાની મર્યાદાઓથી વાકેફ છે, એટલે એકાએક કૂદી પડવા કરતાં 'વેઇટ એન્ડ વોચ' વાળી નીતિ અપનાવી છે. પરંતુ હવે છૂટકો નથી. ખેડૂત રેલી મારફત રાહુલ એમની રાજનીતિનો શુભારંભ કરવા માગે છે. ભાજપે એમને આ મુદ્દો સામે ચાલીને આપ્યો છે. દેશની પ્રજા રાહુલની નેતૃત્વ ક્ષમતા વિશે સાશંક છે, પરંતુ કોંગ્રેસ સિવાય મોદીના નેતૃત્વને પડકારી શકે એવો રાષ્ટ્રીય વિકલ્પ જ કયાં છે? એક તરફ ઉદ્યોગપતિઓની અને મુડીવાદીઓની તરફેણ કરનારી સરકાર પાસે મોદીનું સક્ષમ નેતૃત્વ છે, સામે પક્ષે 'ટુ બી ઑર નૉટ ટુ બી' જેવી હેમ્લેટવૃત્તિ ધરાવતાં નહેરુવંશી યુવા નેતા છે. રાહુલ માટે કપરાં ચઢાણ છે, છતાં પ્રજા પાસે મોદી સામે મૂકવાલાયક બીજો કોઇ નેતા જ નથી, તે એમની ખુશનસીબી સાબિત થઇ શકે એમ છે.

વિશ્વ પૃથ્વી દિવસે ગાંધીનગરમાં સાયકલ રેલીનું આયોજન

મોટર વ્હીકલ્સનો ઉપયોગ શક્ય હોય તેટલો ઘટાડી સાયકલ ચલાવવા અંગે જાગૃતિ ફેલાવી ધરતીને પ્રદૂષણથી બચાવવા હાંકલ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની જી-૩ સાયકલ ક્લબ દ્વારા તા. ૨૨મી એપ્રિલે વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલરેલી સવારે ૭ વાગે ચ-૦ થી પ્રારંભ થઈ વાયા ચ-૫, ઘ-૫ થી ઘ-૦ થઈને ચ-૦ પરત ફરશે.

સમગ્ર વિશ્વમાં મોટર વ્હીકલ્સના વધુ પડતા ઉપયોગને કારણે પર્યાવરણનું સ્વાસ્થ્ય કથળતું જાય છે. મોટેભાગે શહેરોમાં લોકો પોતાના કામે આવવા જવા માટે મોટર વ્હીકલ્સનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે છે. જેની વાતાવરણ પર ગંભીર અસરો પડે છે. બેફામ પ્રદૂષણથી પૃથ્વીને બચાવવા આ પ્રકારના વાહનોનો ઉપયોગ શક્ય હોય તેટલો ઘટાડી વધુ ને વધુ પ્રદૂષણ રહિત સાધનો વાપરવા જોઈએ. આ માટે સાયકલ એ સૌથી સસ્તુ, સરળ અને ઉપયોગી સાધન છે જે પ્રદૂષણ ઘટાડવાની સાથે ચલાવનારની તંદુરસ્તીમાં પણ વધારો કરે છે. જી-૩ ક્લબ દ્વારા 'વિશ્વ પૃથ્વી દિને' ગાંધીનગરમાં શહેરીજનો સાયકલના ઉપયોગો અને ફાયદાઓ અંગે માહિતગાર થાય તેમજ મોટર વ્હીકલ્સનો ઉપયોગ શક્ય હોય તેટલો ઘટાડી સાયકલનો વૈકલ્પિક સાધન તરીકે ઉપયોગ કરે તે માટે સાયકલ રેલીનું આયોજન કરેલ છે. સાયકલના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવાથી પર્યાવરણને પણ ઘણો લાભ થશે તેથી દરેક નગરજનને આ સાયકલ રેલીમાં જોડાવા જી-૩ સાયકલ ક્લબ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. નગરજનોએ આ આમંત્રણનો હકારાત્મક પ્રતિભાવ આપી મોટી સંખ્યામાં રેલીમાં જોડાવુ જોઈએ તેથી ધરતીમાતાને પ્રદૂષણથી બચાવવાના પ્રયાસોમાં ઉમેરો થઈ શકે.

હરિની દૃષ્ટિ...

તને પ્રોડકશન વિભાગમાં જોબ પર રાખી તો લઉ પણ, અત્યારે 'મેક ઇન ઇન્ડિયા' ચાલે છે... તો તું 'અમને' બનાવીશ તો નહીં ને ?...

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની ચિંતન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્ય દ્વારા શાશ્વત જીવન મૂલ્યો અને એકાત્મ માનવદર્શન વિષય પર શૈક્ષણિક ચિંતન શિબિરનું આયોજન કરાયું છે.

શિબિર તા. ૨૦ એપ્રિલ સોમવાર બપોરે ૧.૦૦ વાગે ટાઉનહોલ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, નાનુભાઈ વાનાણી ઉપસ્થિતિમાં યોજાશે. તેમજ ગાંધીનગરના ધારાસભ્ય, અશોક પટેલ, શંભુજી ઠાકોર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. શિબિરમાં તમામ પ્રાથમિક, માધ્યમિક શિક્ષકોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

સે-૨૧ લાયબ્રેરીમાં સભ્ય પદ મેળવી લેવું

ગાંધીનગર, તા.૧૮

સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે જે વાચકો સભ્યપદ ધરાવતા હોય તેવા સભ્યોને જણાવવાનું કે આપનું સભ્યપદ તા. ૩-૩-૨૦૧૫ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે. તો જે સભ્યોને રીન્યુઅલ કરાવેલ ન હોય તેઓએ અત્રેની કચેરીમાંથી ફોર્મ મેળવી પોતાનું સભ્ય પદ રીન્યુઅલ કરાવી લેવું રીન્યુ કરાવેલ નહીં હોય તેવું સભ્યપદ નિષ્ક્રિય થઈ જશે તો વહેલામાં વહેલી તકે રીન્યુ કરાવવા જણાવ્યું છે.

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા ફિલ્મી ગીત-સંગીતનો ભવ્ય કાર્યક્રમ 'મૌસમ છલકે-છ દાયકાની'

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા આગામી તા. ૨૫મી એપ્રિલ ૨૦૧૫ને શનિવારના રોજ રાત્રે ૯-૧૫ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે ૧૯૫૦થી ૨૦૧૦ સુધીના છ દાયકાના સર્વોત્તમ સુમધુર ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'મૌસમ છલકે-છ દાયકાની' શીર્ષક તળે આયોજન કરવામાં આવેલ છે.

અમદાવાદના અગ્રણી લોકપ્રિય અને મધુર કંઠ ધરાવતા ગાયકો સર્વશ્રી આસિત વોરા, નિરજ પાઠક, નિલુબહેન દવે, કુ. ડિમ્પલ પંચોલી, સોનિક સુથાર, શશાંક શુકલ, અને ભૂમિજ ત્રિવેદી પોતાના સ્વર અને લય દ્વારા આ ફિલ્મ સંગીતની મહેફીલને સજાવશે. જયારે સંગીત શ્રી પંકજ પાઠક આપશે. એક સાથે સાત કલાકારોનો સ્વર એક જ સ્ટેજ પરથી પ્રસ્તુત થતો હોય તેવું ભાગ્યે જ બનતું હોય છે. આ કાર્યક્રમમાં સાત સૂરોનો સંગમ થવાનો છે જે કાર્યક્રમને અનેરી ઉંચાઈ પર લઈ જશે એ નિશ્ચિત છે.

આ કાર્યક્રમના નિમંત્રણ પત્રો જૂનાને નવા સભ્યોને રવાના કરવામાં આવી રહ્યા છે. જેઓ 'સંસ્કૃતિ' સંસ્થાનું સભ્યપદ મેળવવા ઈચ્છતા હોય તેઓએ શ્રી પરાગ શુકલ (મો.નં. ૯૯૭૮૪૦૫૯૪૩), શ્રી દિનેશ ચૌહાણ (માહિતી ખાતું) (મો.નં. ૯૯૭૮૪૪૦૧૨૬), શ્રી મનોજ જોષી (મો.નં. ૯૮૨૫૪૪૭૭૩૩), શ્રી ગગુભા રાજ (મો.નં. ૯૮૨૪૦ ૬૫૦૯૪)નો સંપર્ક સાધવા વિનંતી છે.

પીએચ.ડી. પદવી મેળવી

ગાંધીનગર, તા. ૧૮

હીલવુડ્સ એકેડમી ઓફ

ટીચર્સ એજ્યુકેશન (બી.એડ. કોલેજ) ગાંધીનગરના આસિ. પ્રોફેસર શ્રી પિનલબેન વિક્રમભાઈ પટેલ, એસ.આઈ. પટેલ ઈકોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્ય શ્રી ડૉ. અનિલભાઈ જી. કાછીયાના માર્ગદર્શન હેઠળ 'Relationship Beteen Teaching Copetences and Teaching Aptitudes of Higher Secondary School Teachers of Gujarat State' વિષયમાં મહા શોધનિબંધ રજૂ કરેલ છે. ગુજરાત યુનિવર્સિટીએ મહાશોધ નિબંધનો સ્વીકાર કરી તેમને પીએચ.ડી. (Ph.D) ની પદવી એનાયત કરી છે.

કડવા પાટીદાર સમાજ ઊંઝાથી ઉમિયા માતાજીની જ્યોત લાવશે : ૧૨મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર શ્રી ઉમિયા માતાજી મંદિરનો ૧૨મો પાટોત્સવ તા. ૩-૫-૨૦૧૫ને વૈશાખ સુદ-૧૪ને રવિવારના રોજ યોજાશે. આ દિવસે જગત જનની-મહેશ્વરી અને સૃષ્ટિનું પાલન કરનાર સમગ્ર કડવા પાટીદારોની કુળદેવી ઈશ્વરીય શક્તિ મા ઉમિયાની જ્યોત ઊંઝાથી ગાંધીનગર લાવવામાં આવશે.

ઊંઝાથી મા ઉમિયાની જ્યોત તા. ૧-૫-૨૦૧૫ને શુક્રવારે નિકળશે જે તા. ૩-૫-૨૦૧૫ને રવિવારે પાટોત્સવના દિવસે વહેલી સવારે ગાંધીનગર આવશે. જ્યોત લઈને આવવા જે પણ માઈ ભક્તો પગપાળા આવવા માંગતા હોય તેઓએ સમાજના કાર્યાલયમાં નામ નોંધાવવા જણાવાયું છે.

ગાંધીનગર ખાતે વહેલી સવારે ૬.૦૦ કલાકે ભવ્ય જ્યોતનું સ્વાગત સામૈયુ કરવામાં આવશે. આ પાવન અવસરે ગાંધીનગર અને આજુબાજુના ગામોના કડવા પાટીદારો મોટી સંખ્યામાં હાજર રહેશે તેમજ આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ બપોરે ૨.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સૌ સભ્યોને હાજર રહેવા નમ્ર અપિલ કરવામાં આવી છે.

૧૦ નવી મેડિકલ કોલેજો શરૂ કરવા સરકાર તૈયાર

ગુજરાત સરકાર પ્રાઈવેટ-પબ્લિક પાર્ટનરશીપ મોડમાં નવી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ સ્થાપિત કરવાની નવી નીતિ સાથે આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આગામી ત્રણથી ચાર વર્ષના ગાળામાં ૧૦ નવી મેડિકલ કોલેજો સ્થાપિત કરાય તેવી શક્યતા છે. આ ઉપરાંત ૧૫૦૦ એમબીબીએસની બેઠકો ઉમેરવામાં આવશે. હાલમાં ગુજરાતમાં એમબીબીએસની ૨૭૮૦ બેઠકો રહેલી છે. હાલમાં ૧૦૮૦ એમબીબીએસની બેઠકો સાથે ૬ સરકારી મેડિકલ કોલેજો છે. જ્યારે ૧૨ સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજ છે. જેમાં સીટોની સંખ્યા ૧૭૦૦ જેટલી છે. સરકાર નવી ૧૫૦૦ સીટ ઉમેરવાની યોજના ધરાવે છે. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે સરકાર નવી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ શરૂ કરવા માટે ખાનગી કંપનીઓને પ્રોત્સાહન આપવાની યોજના ધરાવે છે. ઉપરાંત નવી મેડિકલ કોલેજ શરૂ કરવા સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવાશે. સરકારે ૨૦ એકર જમીન અને ૫૦ કરોડ વાયાબિલીટી ગેપ ફંડ પણ દરેક નવી મેડિકલ કોલેજ માટે આપવાનો નિર્ણય કરી ચુકી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે અહેવાલમાં જણાવ્યું છે કે નવી સંસ્થાઓ સ્થાપિત થવાથી મેડિકલના વિદ્યાર્થીઓને ખૂબ ફાયદો થશે. ખર્ચને લઈને ગણતરી ચાલી રહી છે. ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટોની જેમ જ મેડિકલ કોલેજ પ્રોજેક્ટોને પણ માર્ગ, પાણી પુરવઠા, વિજળી જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાની જરૂર રહેછે.

રક્તદાન મહાદાન

હીટ એન્ડ ઇટ : સ્વાદિષ્ટ સ્ટોરી ઓફ સગવડીયા ફૂડ...!!!

લંડનની એક ખુશનુમા સાંજે એને ઢોસો ખાવાની ઈચ્છા થઈ આવી. ઘણા અઠવાડીયાથી બહાર રખડતા એ માણસને ઘરનું ભોજન યાદ આવી ગયેલું. લંડનના એક શોપિંગ મોલમાં આવેલી એક ફૂડ જોઈન્ટમાં એણે ઢોસાનો ઓર્ડર આપ્યો, ભારત જેવો ઢોસો મળશે એવી એને કોઈ આશા નહોતી પણ એના આશ્ચર્ય વચ્ચે જયારે ઢોસો આવ્યો તો એ અદલ ઈન્ડિયાના રસોડે બનતા ઢોસા જેવો જ સ્વાદિષ્ટ નીકળ્યો. એણે વેઈટરને પૂછ્યું પણ વેઈટરે નકારમાં ડોકું ધુણાવ્યું તો વધુ જાણકારી માટે એણે મેઈન શેફને આ સ્વાદનું રહસ્ય પૂછ્યું. થોડી આનાકાની પછી શેફે કહ્યું કે આ ઢોસા ગીટસના રેડી ટુ મેક ઢોસા મીક્સની કમાલ છે અને હું છેલ્લા લગભગ એકાદ દસકાથી લોકોને એના જ ઢોસા બનાવીને પીરસું છે. પેલો માણસ ખુશ થઈ ગયો અને ઓળખાણ આપી કે - હું સાહિલ ગીલાની છું - તમે જેના પેકમાંથી ઢોસા બનાવ્યા એ ગીટસ ફૂડસનો ડાયરેક્ટર...!! વેલકમ ટુ ધ વર્લ્ડ ઓફ રેડીટુકુક...રેડીટુઈટ પડીકાઝ...!!

બપોરના ભોજનની આગલી રાતથી કરાતી તૈયારીઓ અને સાંજના વાળુની બપોરથી થતી તૈયારીઓથી ધમધમતા રસોડાઓ હળવે હળવે ભૂતકાળ થતા જાય છે. સાવ નેસ્તેનાબુદ તો નહિ પણ ગૃહિણીઓના હાથે ચડેલા આ રેડીટુકુક (આરટીસી) નામના અમોઘ હથીયારનો પગપેસારો કિચન કવીનોના કાર્યક્ષેત્રમાં એન્ટર થઈ ચુક્યો છે. આખો દિવસ નોકરો ટીચીને ઘરે આવેલી કામિનીના કિચન રેન્કના ખાનામાં હાજર છે પડીકામાં (આઈ મીન પાઉચમાં) પુરાયેલો જીન. એક હાકલે દાલમખની, ચના મસાલાથી લઈને ગુલાબજાંબુ સુધીના વ્યંજનો ફટાફટ તૈયાર...!!! પતિને ગુલાબજાંબુ નહિ પણ ખીર ખાવી હોય તો? નો પ્રોબ્લેમ... વાનગીઓ ટીવીની ચેનલ બદલો એટલી વારમાં ફટાફટ તૈયાર. ખાનેવાલા ભી ખુશ અને સૌથી વધુ તો બનાનેવાલા ભી ખુશ! આઈ મીન બનાનેવાલી ખુશ! હવે ઓફિસથી છૂટતાવેત હાઈલા વાળુમાં શું બનાવશું એનું ટેન્શન તો ઠીક પણ બસ કે ટ્રેન મોડી મળશે તો ફાસ્ટફૂડથી કામ ચલાવવું પડશે એની ચિંતા ગાયબ... કોઈ બી ગ્રોસરી સ્ટોરમાંથી પીક કરો ગમતા રેડીટુકુકના પેકેટ્સ અને કિચનમાં પહોચ્યા પછી, બસ દો મિનીટ..! ઔર ખાના તૈયાર...! એટલે તો આગળ આપણે જેની વાત કરવાના છીએ તે હલ્દીરામે તો એની આવી રેડીટુકુક પ્રોડક્ટનું નામ જ રાખી દીધું છે - મિનીટ ખાના..!

રેડી ટુ કુકની ફટાફટ કુકીંગનો કોન્સેપ્ટ બહુ ઝડપથી પ્રચલિત અને મશહુરએકિચન થતો જાય છે અને કેમ નાં થાય? જિંદગી ઝડપી થતી જાય છે અને લાઈફસ્ટાઈલ ફાસ્ટ. ચોખા અને અડદની દાળને પલાળીને પછી એક અરસા પછી ખરલીયામાં કુટવાનો કે ઈવન મીક્ષીમાં પીસવાનો ટાઈમ ક્યાં ? એના કરતા તો ઈન્સ્ટન્ટ ઈડલી મિક્ષ વધુ ઝડપી મળી જાય. હવે તો ગલીના નાકે રહેલી કરિયાણાની દુકાન કે પછી ઘરઘરાઉ ખીરું હાથવગું છે તો પછી ટાઈમ નાં હોય એના માટે તો આશીર્વાદ જ થયો ને? માથાદીઠ આવકો વધી રહી છે. શહેરોમાં મોટાભાગે હૂતો ને હુતી અથવા તો નાનું કુટુંબ સુખી કુટુંબની પરિભાષામાં આવતા હુંમારા ઈ અને અમારો બાબો / બેબી જેટલા લોકો જ હવે ફેમીલી ગણાવા લાગ્યા છે. વધુ ને વધુ સ્ત્રીઓ નોકરી કરતી કે વ્યવસાય કરતી થઈ રહી છે. આવા સમયે જો ડીનરમાં બટર મસાલાની ફરમાઈશ છૂટે તો કોની પાસે ટાઈમ હોય ગ્રેવી કરવાનો ને પકાવવાનો? બસ અહી જ છે આ રેડીટુકુકનાં બિઝનેસની સફળતાની રેસીપી. હવે સવારે નાસ્તામાં ફટાફટ ઈડલી કે પછી બપોરે લંચમાં ખીર કે પછી સાંજે ડીનરમાં પનીરટીક્કા મસાલા પરોઠા સાથે આરામથી દાબી શકાય છે. જમાનો જ ઈન્સ્ટન્ટ બનતો જાય છે તો પછી ખોરાક પણ કેમ બાકી રહે?

આગળ વાત કરી એ ગીટસનો જ દાખલો લઈ લ્યો. ગીટસ આજકાલથી નહિ પણ છેલ્લા ચાલીસેક વર્ષથી પણ વધુ સમયથી રેડી ટુ કુકના બિઝનેસમાં છે. ઈન્સ્ટન્ટ મીક્શની જોરદાર સફળતા પછી ૨૦૦૦માં ગીટસે રેડીટુઈટ મિલ ભી લોન્ચ કર્યા છે. પારસી ધાનશાક, પંજાબી કઢી કે મુંબઈ પાઉંભાજીની સાથે સાથે અવર વેરી ઓવન ગુજરાતી ધિયું પણ તૈયાર મળે પણ ગીલાનીના કક્કા મુજબ અમારી મોટાભાગની આવક હજુ પણ એક્ષ્પોર્ટથી વધુ છે. ને વાત પણ સાચી છે હજુ આ ફટાફટ ખાનાનો કોન્સેપ્ટ એટલી ઝડપે પણ પ્રચલિત નથી કે રસોડે રસોડે એનું રાજ હોય. હજુ આજે પણ મોટાભાગની ગૃહિણી તો હાથે બનાવેલી રસોઈ ને જ પ્રીફર કરે છે છતાં પણ આગળ કહ્યું એમ ધીરે ધીરે સ્ત્રીઓ નોકરી / ધંધામાં વધુ પ્રવૃત થઈ રહી છે એમ એમ રસોઈનો સમય ઓછો થતો જાય છે એવી માનુનીઓ માટે અને ઈનફેક્ટ એવા એમના પતિદેવો, બાળબચ્ચા કે પછી સબંધીઓ માટે આ પેકેટ્સ ઓડકારની ગરજ સારે છે. ઘરથી દુર એકલા રહેતા લોકો જેવા કે વિદ્યાર્થીઓ કે કામ કરતા લોકોથી લઈને પ્રવાસીઓમાં આ કોન્સેપ્ટ સૌથી વધુ સુપર ડુપર હીટ છે. મોટા શહેરોમાં મોડે સુધી કામ કરવું સામાન્ય વાત છે અને મોટાભાગના લોકો ધંધા કે કામના સ્થળે ટીફીનો પર જ જીવતા હોય છે ત્યારે લેઈટ અવર્સમાં બહાર ખાવું કે પછી આવું એકાદું રેડીટુકુક ઘરે જ બનાવી લેવું એ બે જ ચોઈસ બચે છે ત્યારે નાના કુટુંબના રસોડે આ પેકેટ પર હળવેથી કાતર ફેરવવી વધુ સરળ રહે છે.

ભારતમાં પેકેજડ ફૂડ ઈન્ડસ્ટ્રી લગભગ ૨૦૦૦ કરોડની છે તેમાંથી આ રેડીટુકુકનો ફાળો ૭૦૦ કરોડ જેવો છે આ કોઈ નાનીસુની વાત નાં કહેવાય અને આવતા પાંચેક વર્ષમાં એમાં ૨૦૨૫ ટકાનો ગ્રોથ થવો નક્કી છે મતલબ કે આવનારા વર્ષોમાં આ ફટાફટ ખાના વધુ ફટાફટ ઝડપે વિકાસ પામવાના છે. આમ તો આ રેડીટુકુક માં મુખ્યત્વે ત્રણ પ્રકારના ફૂડ આવરી લેવાય છે. ડેઝર્ટ મિક્ષ - જેવા કે ગુલાબજાંબુ મિક્ષ, ખીર મિક્ષ વગેરે વગેરે, સ્નેક મિક્ષ - જેવા કે રવા મિક્ષ, ઈડલી મિક્ષ કે પછી આપણા ગુજરાતી વ્યંજનોની વાત કરીએ તો દાલવડા મિક્ષ, ગોતા મિક્ષ, ખમણ મિક્ષ વગેરે અને ત્રીજું ગ્રેવી મિક્ષ - મતલબ કે જેમાં ગ્રેવી બનાવીને ઉમેર્યા પછી ખાવા માટે તૈયાર, જેમ કે ગ્રેવી મિક્ષ, મસાલા મિક્ષ, મોટાભાગની પંજાબી ડીશીસ રાજમાં મસાલા, ચના મસાલા, બટર મસાલા વગેરે વગેરે. રેડીટુકુકની સફળતામાં આ દેશી તડકાનો મહત્તમ ફાળો છે. ભારતમાં રેડીટુકુક ના મેઈન ઉત્પાદકો જેવા કે એમટીઆર, ગીટસ કે હલ્દીરામમાં એક વાત કોમન છે કે આ બધા જ જે તે ક્ષેત્રના લોકલ ટેસ્ટ મુજબની આઈટમ બજારમાં મુકે છે જેથી ખરીદનાર પોતાના ટેસ્ટથી આકર્ષાઈને એનો ઉપયોગ શરુ કરે છે.

આમ તો આ ફૂડને સગવડીયો ખોરાક કહી શકાય કેમકે સગવડતા મુજબ એનો ઉપયોગ થાય છે પણ આજકાલ જયારે વ્યક્તિ પછી ચાહે એ સ્ત્રી હોય કે પુરુષ બંને અનેકવિધ રીતે પોતાની જાતને બીઝી રાખતા હોય છે ત્યારે આ સગવડીયો ખોરાક એમનો ઘણો સમય બચાવે છે. અત્યારે ભલે રસોડામાં વીકમાં એકાદ વાર કે પછી પખવાડિયે એકબે વાર જ આ પેકેટનો ઉપયોગ થતો હોય પણ ધીરે ધીરે આ ઈન્સ્ટન્ટ કે ફટાફટ ફૂડ લોકોને આકર્ષી રહ્યું છે અને એનું મહત્વનું કારણ પણ ઈઝી ટુ ગેટ અને ઈઝી ટુ કુક જ છે અને આ વાત મેન્યુફેક્ચરર્સ બરાબર સમજે છે એટલે તો દિવસે દિવસે વધુ સારી ગુણવત્તા વાળા ફૂડસ બજારમાં ઉતરતા જાય છે.લોકોની ભાગદોડવાળી જિંદગીની સાથે સાથે એક બીજો પણ અગત્યનો ભાગ છે આ સફળતામાં અને એ છે કવોલીટીમાં સુધારો. અને આ ક્વોલીટી પ્રત્યેની સભાનતાની વાત તમને એના પરથી સમજાશે કે ગીટસના પુના પ્લાન્ટમાં બનતા આવા રેડીટુકુકની દરેક બેંચને ખુદ એના માલિકો ટેસ્ટ કરે છે અને પછી જ એ પેકિંગ માટે આગળ વધે છે.

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

હીટ એન્ડ કુક ફૂડઝ તો ધીરે ધીરે ઈન્થીંગ થતા જ જાય છે પણ હવે રસોઈને વધુ આસાન કરવા એક બીજો જીન પણ હુકમ મેરે આકા કરતો પ્રગટ થયો છે અને એનું નામ છે ફ્રોઝન ફૂડઝ. યસ, આમ તો આ ફ્રોઝન ફૂડ અને હીટ એન્ડ કુક ફૂડ એ બંને મામામાસીના ભાઈઓ જ થાય કેમકે મૂળે કામ તો બંનેનું એક જ છે - ભૂખ મિટાવવાનું અને એ પણ ફટાફટ. અત્યાર સુધી તમે રેડીટુકુકની આ સુગંધી સફરમાં ફક્ત સબ્જી કે મીઠાઈના જ નામ વાચ્યા તો જરૂર વિચાર આવ્યો હશે કે આ બધું તો ફટાફટ બની જાય પણ પછી રોટી કે પરોઠા ? એનું શું ? એ તો બનાવવાના જ ને ? વેઈટ જવાબ એનો પણ આ ધુરંધરો પાસે છે જ. મેકડોનાલ્ડ અને નેસ્લે જેવા ધુરંધરોને મહાત આપીને નમ્બર વન બનેલી અને નમકીનથી લઈને સબ્જી મીક્સ વેચતી હલ્દીરામે બજારમાં મુક્યા છે અનેક પ્રકારના ફ્રોઝન પરોઠા. યસ પરોઠા....ગરમ કરો અને જમો. એમ તો સાવ જ હાથ નાં હલાવવા હોય તો હલ્દીરામની ફૂલકા રોટીનું પેક પણ હાજર જ છે. ૩૦૦ ગ્રામના એક પેક માં એય ને ૧૨ રોટી આવે.. રોટી, પરોઠા ઉપરાંત ભાત અને સ્વીટસ પણ હાજર છે ને છતાયે કશું જ નાં કરવાની ઈચ્છા હોય તો હલ્દીરામની રેડીટુકુક એન્ડ ધેન ઈટ થાળી પણ હાજર છે.પંજાબી સબ્જી, રાઈસ અને નાન કે પરોઠા સાથેની આખ્ખે આખી ડીશ જ મળે પેકેટમાં... ગરમ કરો અને બસ ખાયે જાવ ખાયે જાવ!!

હલ્દીરામ કે ગીટસને એકબાજુ પર મૂકી દઈએ તો પણ આપણી ગલીને નાકે ગ્રોસરી સ્ટોર પર પ્લાસ્ટીકના પાઉચમાં થેપલા + મરચાના પેકીન્ગો તો હવે આમ વાત છે. ઈવન નાનીનાની ભાખરી કે પરોઠાના પેકેટો પણ મળતા થયા છે. ઈનફેક્ટ આ બધા છે તો લોકલ બ્રાન્ડના જ પણ અંતે તો રેડીટુકુક અથવા રેડીટુઈટ મટીરીયલ જ થયું ને? એક હકીકત છે કે ભારતમાં બનતી મોટાભાગની રેડીટુકુક કે ઈટ વસ્તુઓની વિદેશોમાં મોટી માંગ રહે છે એને લીધે થાય છે એવું કે આપણે ત્યાં ફક્ત ટ્રેડીશનલ આઈટમ્સ જ બજારમાં ઉપલબ્ધ હોય છે, એક્સક્લુઝીવ ફૂડઝ વિદેશોમાં એક્ષ્પોર્ટ થાય છે જેમકે ઉપર કહ્યું એ હલ્દીરામ ફૂલકા કદાચ ઈન્ડીયામાં ઓછા દેખાશે પણ વિદેશોમાં એની બહુ માંગ છે. ઈવન ભારતમાં પણ એવું છે. એમટીઆરના વિક્રમ સબરવાલ કહે છે કે મોટાભાગના રેડી ટુ કુક ઉત્પાદકો જે તે પ્રદેશ મુજબ જ વસ્તુઓ બજારમાં ઠાલવે છે જેમકે સાઉથની ઘણી બધી ડીશીસ ફક્ત સાઉથમાં જ મળશે કે ગુજરાતી ખમણ - ઢોકળા ગુજરાતી પ્રદેશોમાં વધુ જોવા મળશે. એટલા માટે મોટાભાગના ઉત્પાદકો પોતાની ફૂડ આઈટમ ને જે તે પ્રદેશના ટેસ્ટનો ટચ આપે છે.

ધીરે ધીરે આગળ વધીં રહેલી આ સ્વાદિષ્ટ સફરમાં હજુ ઘણા ફેરફાર આવકાર્ય છે જેમકે હજુ પણ આપણે ત્યાં રેડીટુકુક પેકેટ્સને ખોલ્યા પછી અમુક ઈન્ગ્રીડેનટ્સ ઉમેરવા પડે છે, હજુ પણ સમ્પૂર્ણ ખોલા, ગરમ કિયા ઔર ખાયા એ ટાઈપના